વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃત્તિઓના સમાચારનું ગુજરાતી માસિક

# કોશિશ થી કામયાબી

૧૫ ઑગષ્ટ-૨૦૧૭

અંક નં. ૫૬



'અંકુર' શાળામાં
શ્રી વિભાવરીબેન દવે
દ્વારા શાળા પ્રવેશોત્સવ


શ્રવણમંદોની શૃંગાર હરિફાઈ



સાઈન લેંગ્વેજ
દ્વારા રાષ્ટ્રગાન
માટેનો વર્લ્ડ રેકોર્ડ


સી.પી. બાળકની
સારવાર



શૈક્ષણિક ઈનામ વિતરણ-૨૦૧૭
અને સન્માનનો કાર્યક્રમ

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો


Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 August - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# દિવ્યાંગોને સાધન સહાયનો કેમ્પ

ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, **'નટરાજ'** સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવા) ધરાવતાં બાળકોના વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની સંસ્થાનો, મગજના લકવાવાળા તથા માનસિક અશકત બાળકોને શૈક્ષણિક કીટ તથા હીયરિંગ એઈડ વિતરણનો કાર્યક્રમ, નેશનલ ઈન્સ્ટિટયુટ ફોર મેન્ટલી હેન્ડિકેપ સિકંદરાબાદના સહયોગથી, નટરાજ ઓડિટોરીયમ ખાતે, તા.૧૩ જૂલાઈ '૧૭ ના રોજ યોજાય ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી સુરેશભાઈ ધાંધલ્યા (ચેરમેનશ્રી, સ્ટેન્ડિગ કમિટી, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન), શ્રી લાભુભાઈ સોનાણી (સી.ઈ.ઓ., કે.કે.સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડ), શ્રીમતી અંબીકાબેન ટેકરીવાલ (શુભેચ્છક) તથા સંસ્થાના મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી મફતભાઈ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી અશ્વિનભાઈ પંડયા (મંત્રીશ્રી, કે.એલ.), શ્રી હેમાબેન ઉદ્દેશી, શ્રી નરેન્દ્રભાઈ પનારા વિગેરે ઉપસ્થિત રહયાં હતાં.

કાર્યક્રમની શરુઆત પ્રાર્થનાથી થઈ હતી. આવેલ મહેમાનોનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરાવામાં આવેલ. દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતીએ પ્રશંસા પ્રાપ્ત કરેલ.

આ કાર્યક્રમમાં દિવ્યાંગ બાળકોના વાલીઓ, વિશિષ્ટ શિક્ષકો, કર્મચારીગણ ઉપસ્થિત રહેલ. **૨૩** લાભાર્થીઓને **શૈક્ષણિક કીટ** તથા **હિયરીંગ એઈડ**, ઉપસ્થિત મહાનુભાવો દ્વારા વિતરીત કરવામાં આવેલ. શ્રી સુરેશભાઈ ધાંધલ્યાએ પોતાને, સંસ્થા પરિવારનો સભ્ય હોવાનું ગૌરવ જણાવી, લાભાર્થીઓ તથા કાર્યકર્તાઓ અને સ્ટાફને, સેવા કાર્ય બદલ અભિનંદન આપેલ.

કાર્યક્રમનું સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા અને આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય શ્રી જીજ્ઞાબેન શાહ તથા સ્ટાફે ખૂબજ જહેમત ઉઠાવી હતી.










# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- દિવ્યાંગોને સાધન સહાયનો કેમ્પ . ૦૨
- તંત્રી લેખ. . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . ૦૪
- શૈક્ષણિક ઈનામ વિતરણ-૨૦૧૭ અને સન્માનનો કાર્યક્રમ . . . . . . . ૦૫
- CP સેન્ટરમાં રક્ષાબંધનની ઉજવણી ૦૫
- શૃંગાર હરિફાઈ. . . . . . . . . . . ૦૬
- પુનઃસ્થાપન કેન્દ્રમાં કીટ વિતરણ . . ૦૬
- સાફલ્યગાથા - CP સેન્ટર . . . . ૦૭
- શાળા પ્રવેશોત્સવ - CP સેન્ટર . . ૦૭
- વાંચકો લખે છે . . . . . . . . . . . ૦૭
- 'ડિસેબિલિટી એક્ટ' અંગે વાર્તાલાપ ૦૮
- સ્વ. શ્રી શામજીકાકાને પુષ્પાંજલિ. . ૦૮
- સંક્ષિપ્ત સમાચાર-PRV કેન્દ્ર . . . . ૦૯
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . ૦૯
- વાંચકો લખે છે . . . . . . . . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-Nataraj કૉલેજ . ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૨
- સંક્ષિપ્ત સમાચાર-લોઢાવાળા હૉસ્પિ.૧૩
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T.ટેક.પાર્ક ૧૬
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાંમૂંગા શાળા ૧૭
- સંક્ષિપ્ત સમાચાર-હાઈટેક શાળા . . ૧૯
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- વિવિધા - ડૉક્ટરનું સ્તુત્ય પગલું . . ૨૧
- વિદાય સમારંભ . . . . . . . . . . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨
- સાધન સહાય - શાળા પ્રવેશોત્સવ . ૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## સ્વસ્થ અને સશકત દિવ્યાંગ

આજે સામાન્ય કે સમધારણ માણસો માટે કસરત ઉપર ઘણું જ્ઞાન અને સાધનો ઉપલબ્ધ છે, પરંતુ **દિવ્યાંગો** કે વિશિષ્ટ વ્યકિતઓ માટે માર્ગદર્શિકા, જીમ, સાધનો, કે ઈન્સ્ટ્રકટરો સહજતાથી ઉપલબ્ધ નથી. **'દિવ્યાંગ સ્વાસ્થ્ય'** ની ચિંતા કરી, વિશિષ્ટ વ્યકિતઓ પર કાર્યરત સંસ્થાઓએ, આવા જીમ શરુ કરવા જોઈએ. જેમકે બહેરાં-મૂંગા યુવક-યુવતિઓ માટે એરોબિક સ્ટુડિયોમાં, ઓડિયો-વિડિયો ડિવાઈસ મુકી શકાય, જેથી તેઓ એરોબિક અને ડાન્સ કરી શકે. તેવી જ રીતે મેદાની રમતોમાં અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર પ્રજ્ઞાચક્ષુઓ; જીમના બધાજ સાધનો વાપરી, બધીજ કસરતો કરી શકે તે માટે, ઈન્ડોર દૈનિકચર્યાના ભાગરૂપે, સંસ્થામાં કે હોસ્ટેલમાં આવી સગવડ થઈ શકે.

જો આમ થઈ શકે તો દિવ્યાંગોનું જીવન પણ બિમારીમુકત અને આનંદયુકત બની શકે અને તેઓ **'દિવ્યાંગતા'** ની માનસિક ગ્લાનિમાંથી મુકત થાય.

સરકાર, સમાજ, દિવ્યાંગોના વાલીઓના આર્થિક અને વૈચારિક સહકાર દ્વારા, **'સ્વસ્થ અને સશકત દિવ્યાંગ'**, સમાજ પર બોજ નહીં બનતા, સમાજની **એસેટ** બની શકે. ચાલો, આ ક્ષેત્રમાં કામ કરતાં આપણે સૌ, આ અભિયાન માટે અગ્રેસર થઈએ.

**✍ કિરીટ રાઠોડ**


***"What is the use of living a day or two more in this transitory world? It is better to wear out than to rust out - specially for the sake of doing the least good to others."***


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૫૬**
  ૧૫ ઑગષ્ટ - ૨૦૧૭
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail** : info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us** : www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **લીલા ચૌહાણ**
  **વૈશાલી યોગી**
  **પરિક્ષિત ભટ્ટ**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ High-Tech Inclusive Nursery & Primary School Began

The first-ever High-tech Inclusive Nursery and Primary School began its operation in Nataraj Campus of the PNR Society with **Praveshotsava** with gaiety. The opening day being Environment Day, the nature's importance and its rehabilitation was stressed by Principal Shri Hitenbhai Pandya. Celebration of World Yoga Day in the school drew many parents and the staff. The ex-secretary Dr. K. R. Zanjrukia visited the school and congratulated the PNR Sociey.

### ◈ Disability Act 2016 Discourse

The Joint Secretary of the PNR Society Shri Kiritbhai Rathod meticulaously defined various 20+ provisions of the Act through PPT. He explained in details 21 types of disabilities covered, 5% reservation in educational institutions and 4% in jobs, Right of Education, compulsory admission in school. Special court for Disabled, Skill Development, Inclusive Education, Social and Political rights covered under the Act. A number of disabled and the staff were benefitted.

### ◈ Dynamic KLID

With the help of generous donors a programme entitled **'Aids & Appliances'** was organised by the K. L. Institute for the Deaf (KLID) during which 70 Laptops, 30 tablets, 107 hearing-aids, 375 notebooks-stationery kits, 240 uniforms – sandle kit, prizes to participants of a cultural item – 'Krishnalila'. 11 beauty parlour kits and cash prize to national level athletic were distributed among the deaf students. Other activity included **Praveshotsava** of Secondary School, Celebration of **Gurupurnima**, exhibition of **Rakhis** made by the students, celebration of **World Yoga Day**, etc. have been the events that attracted public at large.

### ◈ C. P. School Roundup

**Assessment Camp** and **Orthosis Camp** have been the most important events of the school. Dr. Dishaben Shah (Psychologist) and Dr. Kajalben Borad extended their expertise respectively. Celebration of **Gurupurnima** tour of children and celebration of birthdays of C. P. Children were other events.

### ◈ 'Ankur' on the Move


Annual Meeting of Trustees and Members of Executive Committee of Ankur School for Mentally Retarded was held to review the activity and accomplishment. Visit to **Vigyannagari**, celebration of **Foundation Day, Ramzan Eid, World Yoga Day** and **Praveshotsav** have been the highlights.

### ◈ PRV Workshop Shines

A total number 8 camps were organised one each at **Mysore, Bengaluru, Ahmednagar, Delhi, Mumbai, Pune, Kakinada** and **Chhotupal** for knee-braces during May – June, 2017 and 270 beneficiaries took advantage.

### ◈ Other Activities

Prevention Programme, PNR Hospital continued their journey in the service of the Bhavnagar District. News that are useful for Divyang, activity of Nataraj College, opinion of readers, etc. are covered in this issue.



World Yoga Day

# શૈક્ષણિક ઈનામ વિતરણ-૨૦૧૭ અને સન્માનનો કાર્યક્રમ





પી.એન.આર. સોસાયટીના **કર્મચારીઓના સંતાનોને શૈક્ષણિક ઈનામ વિતરણ-૨૦૧૭ અને વિશિષ્ટ વ્યક્તિના સન્માનનો કાર્યક્રમ**, નટરાજ ઓડિટોરીયમમાં તા. ૨૩/૭/૧૭ ના રોજ, રંગેચંગે સંપન્ન થયેલ હતો.

તેજસ્વી સંતાનો અને તેઓશ્રીના વાલીઓનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ. માનવંતા મહેમાન શ્રી ફાલ્ગુનભાઈ શેઠ, સંસ્થાના સર્વશ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), અશ્વિનભાઈ પંડયા, કિરીટભાઈ રાઠોડ, પારસભાઈ શાહ, મફતભાઈ, ડૉ. ડી. જે. ધંધુકિયા, હર્ષકાંતભાઈ રાખશિયા, મનસુખભાઈ સોરઠિયા, રાજેશભાઈ હકાણી, ઈલાબેન શાહ, ગીતાબેન પંડયા, જયશ્રીબેન રાઠોડ, કવિતાબેન શાહ, જીજ્ઞાબેન શાહ, હર્ષાબેન હકાણી, શશીકલાબેન ધંધુકિયા દ્વારા, વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરવામાં આવેલ હતાં.

આ પ્રસંગે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળ કલાકારો ધૈર્ય મશિયાવા, કુ. જાનકી વાજા, કુ. પ્રિયંકા બારડ, ડેર વેદાંગ, શાહ પર્વ, કાવ્યા શાહ, વગેરેએ પ્રસ્તુત કરેલ હતો.

બાળ જગતના મસીહા, આંતરરાષ્ટ્રિય ખ્યાતી પ્રાપ્ત “શૈશવ” સંસ્થાના શ્રી ફાલ્ગુનભાઈ શેઠને, શ્રી મફતભાઈ દ્વારા પુષ્પગુચ્છથી અભિવાદન. બાદ, ડૉ.ધીરૂભાઈ ધંધુકિયા દ્વારા પરિચય અપાયેલ. અને શ્રી બાબાભાઈ દ્વારા **સન્માન પત્ર** અર્પણ કરવામાં આવ્યું, જેનું વાંચન શ્રી કિરીટભાઈ રાઠોડે કરેલ હતું. પોતાના ઉદ્‌બોધનમાં શ્રી ફાલ્ગુનભાઈએ ‘બાળકોને બાંધવા નહીં, વિચારો લાદવા નહીં અને ફળિયામાં ખીલવા દેવાની અપીલ કરી’, પી.એન.આર. સોસાયટીનો ઋણ સ્વિકાર કરેલ હતો. પૂર્વ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી સ્વ. શ્રી આર. બી. જોષીના પરિવાર દ્વારા ઈનામો સ્પોન્સર થયેલ હતાં. સંપૂણ કાર્યક્રમની જહેમત સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને ટીમ દ્વારા લેવાઈ હતી, એ જ સફળતાનું કારણ હતું.

# સી.પી. સેન્ટરમાં રક્ષાબંધનની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત, અંધ ઉદ્યોગ શાળામાં ચાલતાં સી.પી. સેન્ટરમાં, **રક્ષાબંધનની ઉજવણી** કરવામાં આવેલ. જેમાં એન.એ.બી. મંત્રી શ્રી લાભુભાઈ સોનાણી, પી.એન.આર. સોસાયટીના સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ અને આચાર્યશ્રી જીજ્ઞાબેન શાહ, ખાસ ઉપસ્થિત રહેલ.

આ ઉજવણી દરમ્યાન સેન્ટરના ૪૦ બાળકો અને અંધશાળાના ધો. ૧-૨ ના ૧૦ બાળકોને ચાંદલો કરી, રાખડી બાંધી, રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી કિરીટભાઈ રાઠોડ તથા શ્રી લાભુભાઈ સોનાણીએ **રક્ષાબંધનનું મહત્વ** દર્શાવતું વકતવ્ય આપી, સર્વેને શુભેચ્છા આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા આ સેન્ટરના સર્વ સ્ટાફ મિત્રો અને વાલીઓએ ખૂબ જહેમત ઉઠાવી હતી.



શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળામાં યોજાયેલ

# શૃંગાર હરિફાઈ



તા.૬/૭/૧૭ ના રોજ શાળામાં ચાલતાં **શૃંગાર પ્રોજેક્ટ વર્ગ** અંતર્ગત, **શૃંગાર હરિફાઈ** યોજાઈ હતી. શાળામાં ચાલતો શૃંગાર પ્રોજેક્ટ એ શ્રવણમંદ દીકરીઓને પગભર થવા માટેની એક દિશા છે. વધારેમાં વધારે દીકરીઓ આ **બ્યુટી પાર્લર કોર્સ** કરવા પ્રેરાય તે હેતુથી, સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રી બિન્દીબેન ત્રિવેદીએ, શૃંગાર હરિફાઈ યોજવાનું આયોજન કર્યું. જેમાં હેર સ્ટાઈલ અને મેક-અપની હરિફાઈ હતી. હેર સ્ટાઈલમાં અનુક્રમે ભારતી, પીનલ અને તમન્ના પ્રથમ, દ્વિતિય અને તૃતિય હતાં, જેમને બિન્દીબેનના સૌજન્યથી આવેલા દાતાશ્રી જેઠીમા સોમપરા, શ્રી ભદ્રાબેન સોમપરા અને શ્રી દર્શનાબેન સોમપરા તરફથી અનુક્રમે રૂા. ૫૦૧, ૨૫૧ અને ૧૦૧ નું ઈનામ આપવામાં આવ્યું.

જયારે મેક-અપ હરિફાઈમાં પ્રથમ - તમન્ના, દ્વિતિય - ભારતી, તૃતિય - સાઈશ્રીને દાતાશ્રી પદ્માબેન શેઠ (શ્રી બિન્દીબેનના માતુશ્રી) તરફથી અનુક્રમે રૂા. ૫૦૧, ૨૫૧ અને ૧૦૧નું ઈનામ અપાયું. તેમજ મેક-અપ હેરસ્ટાઈલ બંનેમાં પ્રથમ તમન્ના, દ્વિતિય પિનલ અને તૃતિય ભારતીને શેઠ બ્રધર્સના **"ગામઠી"** શો રૂમ (શ્રી દેવેન્દ્રભાઈ શેઠ - હર્ષાબેન શેઠ) તરફથી પાર્ટીવેર ડ્રેસની ભેટ આપવામાં આવી. હરિફાઈમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યાં.

# મહુવા પુનઃસ્થાપન વિકલાંગ કેન્દ્રમાં છાત્રોને કીટ વિતરણ



તા. ૮-૭-૨૦૧૭ ના રોજ પી.એન.આર. સોસાયટી, ભાવનગર સંચાલિત, વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર, મહુવાના, વાસી તળાવ મુકામે થયેલ **નવ પ્રસ્થાન** અને વિકલાંગ વિદ્યાર્થીઓને **શૈક્ષણિક કીટ વિતરણ** તથા વિકલાંગતા અંગેના **એસેસમેન્ટ કેમ્પ**નો કાર્યક્રમ શ્રી બળુભાઈ જાડેજાના અધ્યક્ષપદે તથા પી.એન.આર.ના સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડના મુખ્ય અતિથિ વિશેષ પદે યોજાયો.

કાર્યક્રમની શરુઆત શ્રી સ્મિતાબેન દ્વારા પ્રાર્થનાથી થઈ હતી. જયારે દીપપ્રાકટય વિધિ મહુવા કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી બળુભાઈ જાડેજા, મંત્રીશ્રી અજયભાઈ મહેતા, શ્રી મનોજભાઈ, શ્રી વીડીભાઈ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી કીર્તિભાઈ શાહ (એન.સી.સી.), શ્રી મહેશભાઈ ચૌહાણ (આચાર્યશ્રી, વોરા પ્રા.શાળા) શ્રી અતુલભાઈ રાજયગુરુ અને શ્રી ઘનશ્યામભાઈ ભટ્ટ (શેઠ એમ.એન.હાઈ.), શ્રી મનસુખભાઈ ચૌહાણ (પ્રા.શિ.), શ્રી હમઝાભાઈ (મહારાજા ટ્રાવેલ્સ) વિગેરેના વરદ્ હસ્તે કરવામાં આવેલ. શ્રી નરેશભાઈ અજમેરા (પી.એન.આર.)એ આ સી.પી. સેન્ટર અને તેમાં થનારી પ્રવૃત્તિઓની માહિતી આપેલ. સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે, પી.એન.આર. સોસાયટી દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં, વિકલાંગો માટે થઈ રહેલી અનેકવિધ પ્રવૃત્તિઓ અંગે વિસ્તૃત માહિતી આપેલ. જયારે અન્ય વકતાઓએ 'સેન્ટર' ની પ્રવૃત્તિઓને બિરદાવી, કાર્યક્રમને શુભેચ્છા આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મહુવાના આ સેન્ટરની જગ્યા, **'મહુવા કેમિસ્ટ એસોસિએશન'** ના સૌજન્યથી નિઃશુલ્ક ભાડાથી પ્રાપ્ત થઈ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ. કલ્પેશભાઈ દેસાઈ અને નિકીતાબેન ખોલકિયા (ફિઝિયોથેરાપિસ્ટ), શ્રી વિભૂતિબેન વ્યાસ (સી.પી. સ્કૂલ), મહુવા સેન્ટરના શ્રી સ્મિતાબેન અને શ્રી તૃપ્તીબેન તથા શ્રી જીજ્ઞાબેન શાહે (આચાર્ય, સી.પી.સ્કૂલ, ભાવનગર) ભારે જહેમત ઉઠાવી હતી.

સાફલ્ય ગાથા

# સી. પી. સેન્ટર, ભાવનગર



- દિકેન્સા પટેલ
વિકાસ પ્રોજેક્ટ



**નામ : રેહાન જૈનબ**
ઉંમર : ૧૩ વર્ષ, ગામ : ભાવનગર

આ બાળકીનો જન્મ અધૂરા (સાત) મહિને થયો હોવાથી, આ બાળકીને ૨૦-૨૫ દિવસ કાચની પેટીમાં રાખવી પડી હતી અને ત્યારબાદ તેનો વિકાસ પણ મોડો થયો હતો. આ બાળકી ૭ વર્ષની વયથી નટરાજ સી.પી. સ્કૂલમાં સારવાર લે છે. આ બાળકીમાં છેલ્લાં ૬ વર્ષમાં નીચે મુજબના સુધારા જોવા મળેલ છે. આ બાળકી હાલ નેશનલ ટ્રસ્ટ દ્વારા ચાલતાં, વિકાસ પ્રોજેક્ટમાં પ્રાથમિક શિક્ષણ લઈ રહી છે.

| સારવાર પહેલાં | સારવાર પછી |
|---|---|
| ૧. પડખા ફરતાં નહોતું આવડતું.<br>૨. ઊંધું-ચતું થતાં નહોતું આવડતું.<br>૩. સ્નાયુઓ (હાથ-પગ) ખૂબ જ કડક હતાં.<br>૪. પલોઠી વાળીને બેસતાં નહોતું આવડતું.<br>૫. કમરનો આધાર ન હોતો. | ૧. પડખા ફરતાં આવડી ગયું છે. ૨. ઊંધુ-ચતું થતાં આવડી ગયું છે.<br>૩. શરીરના સ્નાયુઓ પહેલાં કરતાં ઘણાં ઢીલાં છે. એટલે કે હાથ-પગ પોતાની ઈચ્છાનુસાર વાળી શકે છે.<br>૪. પલોઠી વાળીને બેસતાં આવડી ગયું છે.<br>૫. કમરનો આધાર લઈને વધારે સમય સુધી બેસી શકે છે. |

# સી.પી. સેન્ટર બાળકોનો શાળા પ્રવેશોત્સવ

પી.એન.આર. સોસાયટી સંચાલિત, અંધ શાળામાં ચાલતાં, સી.પી. સેન્ટરના **દિશા પ્રોજેક્ટમાં** તાલિમ અને સારવાર લઈ રહેલ **૨૧** બાળકોના **જન્મદિવસ** તથા નવા સંસ્થામાં જોડાનાર બાળકોના **પ્રવેશોત્સવની** ઉજવણીનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં પી.એન.આર. સોસાયટીના પ્રમુખ શ્રી શશીભાઈ વાઘર, મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી લાભુભાઈ સોનાણી વગેરેએ ખાસ ઉપસ્થિત રહી, બાળકો તથા વાલીઓને શુભેચ્છાઓ સાથે પ્રોત્સાહિત કરેલ. ઉપસ્થિત સૌ ટ્રસ્ટીગણના હસ્તે બાળકોને **લંચબોક્સ** તથા **એજ્યુકેશન કીટ** આપવામાં આવેલ. આ સમગ્ર ઉજવણી માટેનો ખર્ચ સી.પી. સેન્ટરના વાલીઓએ સ્પોન્સર કરેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી જિજ્ઞાબેન શાહ, ડૉ. નિરાલીબેન ભટ્ટ, શ્રી બીનાબેન જાની દ્વારા કરવામાં આવેલ.



વાંચકો લખે છે

**સ્નેહીશ્રી અનંતભાઈ**

પી.એન.આર. સોસાયટીની સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ અને તેમાં પણ વિવિધ પ્રકારના વિકલાંગો માટે થતી પ્રવૃત્તિઓની સુવાસ, ગુજરાત અને દેશ-વિદેશમાં ફેલાયેલી છે. **"સફળતાનું રહસ્ય"** પુસ્તકમાં આપેલી જીવંત... અને સત્ય... વાતો વાંચીને માત્ર... હૃદયમાં... એક જ ભાવ છે... જે... "તમને સૌને સલામ કરે છે." આવા વિકલાંગોના જીવનમાં... પ્રકાશ પાથરવાનું કાર્યની ફળશ્રુતિ... મારી દ્રષ્ટિએ તમને સૌને વિકલાંગોના મળી રહેલાં "મૂક આશીર્વાદ" અને આવા આશીર્વાદથી આપની સંસ્થા ખૂબ-ખૂબ વિકાસ કરતી રહે તેવી પ્રાર્થના! અનુકુળતાએ સેવા રૂરલમાં આવશો તો ખૂબ ગમશે.

- **બંકિમશેઠ,** મેનેજીંગ ટ્રસ્ટી, સેવા રૂરલ, ઝઘડિયા જિ.ભરૂચ

# ‘ડિસેબિલિટી એક્ટ’ અંગે શ્રી કિરીટભાઈ રાઠોડનો વાર્તાલાપ



તા. ૧૪/૭/’૧૭ ના રોજ, પી.એન.આર. હોસ્પિટલ, ભાવનગરના કોન્ફરન્સ હોલમાં, પી.એન.આર. અને નટરાજ સી.પી. સ્કૂલના કર્મચારીઓ માટે, ભારત સરકાર દ્વારા વિકલાંગો માટેનો કાયદો **‘ધ રાઈટ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટી એક્ટ-૨૦૧૬’** વિશે એક **વાર્તાલાપ** સંસ્થાના સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા આપવામાં આવેલ.

નવા **‘એક્ટ-૨૦૧૬’**ના ૨૦ જેટલાં અગત્યના મુદ્દાઓની, **પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન** દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવેલ. જેમાં એક્ટમાં સમાયેલી, ૨૧ જાતની વિકલાંગતા, શૈક્ષણિક સંસ્થાઓમાં ૫% અને નોકરીમાં ૪% જેટલી અનામત, અધિકારનો કાયદો, ફરજીયાત શાળામાં પ્રવેશ, વિકલાંગો માટે સ્પે. કોર્ટ, સ્કીલ ડેવલપમેન્ટ, સમન્વયી શિક્ષણ, ત્રણ સ્તરની વિકલાંગતા, સામાજિક અને રાજકીય અધિકારો વિગેરે બાબતોને આવરી લેવાય હતી. આ વાર્તાલાપમાં, શ્રી લાભુભાઈ સોનાણી (સી.ઈ.ઓ., કે.કે. બ્લાઈન્ડ), શ્રી બાબાભાઈ (મંત્રી, પી.એન.આર.) નું માર્ગદર્શન પ્રાપ્ત થયેલ. જયારે શ્રી મફતભાઈ શાહ (ફાઉન્ડર ટ્રસ્ટી) અને શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા (ખજાનચી) ની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.


# સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી અને દીર્ઘદૃષ્ટા
# સ્વ. શામજીભાઈ પારેખને પુષ્પાંજલિ

**ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, પી.એન.આર. હોસ્પિટલ તથા વી.સી.લોઢાવાળા હોસ્પિટલમાં તા.૩૧/૭/૧૭ ને સોમવારે, સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી અને દીર્ઘદૃષ્ટા સ્વ. શામજી માવજી પારેખની ૨૧મી પૂણ્યતિથિ નિમિત્તે, દરેક વિભાગોમાં ઓ.પી.ડી. ૫૦ ટકા રાહતદરે તથા રાહતદરે સારવાર પણ આપવામાં આવેલ.**




સંસ્થાના પીઢ કાર્યકર સ્વ. શામજીભાઈ માવજીભાઈ પારેખની ૨૦મી પૂણ્યતિથિ પ્રસંગે, અંધ ઉદ્યોગ શાળામાં પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો.

શ્રી પી.એન.આર. સોસાયટી અને તેની સહયોગી સંસ્થાઓને આર્થિક સહયોગ અને તેના વિકાસમાં જીવનભર પરિશ્રમ કરનાર સ્વ. શ્રી શામજીભાઈ માવજીભાઈ પારેખની ૨૦મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી કૃષ્ણકુમારજસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પટાંગણમાં, શ્રી શામજીકાકાના બાવલા પર, સંસ્થાના પ્રમુખ શ્રી શશીભાઈ વાધર, પી. એન. આર. સોસાયટીના માનદ્મંત્રી શ્રી અનંતભાઈ કે. શાહના વડપણ નીચે, તા. ૩૧/૩/‘૧૭ ના રોજ સવારના ૧૧ કલાકે પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિવિધ સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને કર્મચારીગણ ઉપસ્થિત રહયાં હતાં. શામજીકાકાના જીવન-કવન વિષે, અંધ ઉદ્યોગ શાળાના સંચાલક શ્રી લાભુભાઈ ટી. સોનાણીએ ઉપસ્થિત મહાનુભાવોને પ્રેરક વકતવ્ય આપી, જાણકારી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા, પી.એન.આર. સોસાયટીના શ્રી કિરીટભાઈ રાઠોડ અને શ્રી પારસભાઈ શાહે જહેમત ઉઠાવી હતી.



# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. કાજલબેન
એમ. બોરડ



## શ્રીમતી પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર

### ૧. ની-બ્રેસના કેમ્પ

પી.આર.વી. વર્કશોપમાં મે-જૂન '૧૭ દરમિયાન કુલ **૮ ની-બ્રેસના કેમ્પ** મૈસુર, બેંગ્લોર, એહમદનગર, દિલ્હી, મુંબઈ, પૂના, કાકીનાડા તેમજ છોટુપલ મુકામે કરવામાં આવેલ. જેમાં આશરે **૨૭૦** લાભાર્થીઓને કૂલ **૫૨૦** જેટલી ની-બ્રેસ પૂરી પાડવામાં આવી. જેમાં છોટુપલનો કેમ્પ, કેન્દ્ર સરકારશ્રીની કચેરી **હેલ્પેજ ઈન્ડિયા** દ્વારા યોજવામાં આવેલ. ની-બ્રેસના ઉપયોગથી ની રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘૂંટણના દુ:ખાવામાં રાહત રહે છે.

### ૨. ઓ.પી.ડી.

પી. આર. વી. વિભાગમાં લોકલ લેવલે મે-જૂન '૧૭ દરમિયાન કુલ **૧૬૦** જેટલાં લાભાર્થીઓને તપાસવામાં આવેલ. જેમાં આશરે **૧૨૦** જેટલાં જુદા-જુદા સાધનો જેવા કે, આર્ટી. હેન્ડ, આર્ટી. લેગ, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, ની-બ્રેસ વગેરે સાધનો પૂરા પાડેલ છે તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને, **સર્વાઈકલ કોલર ટોકન** પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ હતું.

### ૩. સુરત વિઝીટ

સંસ્થાના પી.એન્ડ ઓ. કુ. કાજલબેન બોરડ, માસના **પહેલાં** તેમજ **ત્રીજા બુધવારે** એક ટેકનીશિયન સાથે **સુરત** વિઝીટમાં જાય છે, જેથી ત્યાંના પણ જરૂરિયાતમંદ દર્દીઓને તેમની સેવાનો લાભ મળી શકે અને દિવ્યાંગ વ્યકિતઓને ભાવનગર સુધી આવવું ન પડે.



લાઇબ્રેરી કોર્નર

# "સોહમ" ૩ માસના બાળકની શ્રવણશકિત ચકાસશે

✍ સંકલન : ચેતનાબેન મુલાણી



ભારતમાં વર્ષે એક લાખ બાળકો સાંભળવાની તકલીફ સાથે જન્મે છે. તેનું કારણ જેનેટિક કે અન્ય કોઈ પણ ખામી હોઈ શકે. ૪ વર્ષનું બાળક થાય તો પછી તેના ઈલાજની શકયતા ઓછી, તેથી બાળક ૬ મહિનાનું થાય ત્યાં સુધીમાં, તે સાંભળી શકે છે કે નહીં તે જાણી લેવું જરૂરી છે. પોર્ટેબલ "સોહમ" ટેસ્ટિંગ ટૂલ્સમાં લાગેલાં ૩ ઈલેકટ્રોડ, બાળકના માથા પર ફિટ કરીને, **ઓડિટરી બ્રેઈન વેવ્સ** દ્વારા, બાળકની સાંભળવાની ક્ષમતાનું પરીક્ષણ કરાય છે. આ "સોહમ" ટેસ્ટ, કુલ ૩ મહિનાના બાળકની શ્રવણશકિત ચકાસી શકે, તેવું ભારતીય ટૂલ્સ છે.

સૌજન્ય : સૌરાષ્ટ્ર સમાચાર

# બાળકના બંને હાથનું ટ્રાન્સપ્લાન્ટ

ઝીઓન હાર્વે નામના આઠ વર્ષના બાળકને, અમેરિકાની ચિલ્ડ્રન હોસ્પિટલમાં, ડૉ. એલ. સ્કોટ લેવિન અને તેની ટીમ દ્વારા, વિશ્વમાં પ્રથમ વખત બંને હાથ ટ્રાન્સ્પ્લાન્ટ કરવામાં આવેલ છે. તેણે બે વર્ષની ઉંમરે તેના બંને હાથ-પગ ગુમાવ્યાં હતાં. હાથ ન હતાં ત્યારે પણ બાળક બધા જ કાર્ય પોતે કરી શકતો હતો અને એક સામાન્ય બાળકની જેમ જ જીવતો હતો. આ બાળકે આ કપરી સ્થિતિમાં પણ ખુશ-ખુશાલ રહી સૌને પ્રેરણા આપી છે. આ ઓપરેશનમાં ડોનર અને બાળકના હાથના હાડકા, લોહીની નસ, તંત્રિકાઓ, સ્નાયુઓ, શિશ અને સ્કીનને જોડવામાં આવ્યાં છે. ટ્રાન્સ્પ્લાન્ટ બાદ ડૉકટરની ટીમની હાજરીમાં, બાળકે પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી.

સૌજન્ય : સંદેશ

# દિવ્યાંગોને રેલ્વેમાં થર્ડ એસી કોચમાં લોઅર બર્થ

દિવ્યાંગો માટે રેલ્વેમાં નીચેની સીટ ઉપર બેસીને મુસાફરી કરવાની તક મળશે. એકસ્પ્રેસ અને મેઈલ ટ્રેનોમાં, થ્રી ટાયર એસી કોચમાં, દિવ્યાંગો માટે **લોઅર બર્થ** આરક્ષિત રહેશે. અગાવ દિવ્યાંગોને ગમે તેવી સીટ કે બર્થ ફાળવી દેવામાં આવતી, કેટલીક વાર અપર બર્થ સુધી પહોંચવામાં દિવ્યાંગોને તકલીફ પડતી, જે તકલીફ રેલ્વે મંત્રાલયે દૂર કરી છે.

સૌજન્ય : ગુજરાત સમાચાર

# વાંચકો લખે છે ...

**Respected Shri Anantbhai,**

You have addressed me as RESPECTED which I do not deserve it.

Your all teams such as Trustees, Donors, Staff members etc. are working so well that the PRAISE is too little word & expression. What all of you are getting immense blessings from less fortunate VIKLANG community which is beyond expression. Their inner satisfaction & their gratitude can not be explained.

I am glad to note that your Institute has won many awards. But the real award you are winning is their gratitude which is not known to public. It is nice of you to have circulated my e-mail which I just wrote it. I can not accept THANKS from your staff members to whom I adore & respect. My VANDAN & PRANAM to all staff members for their feelings for the e-mail which I wrote. Shri. Natubhai has extended invitation to me to visit Bhavnagar. In view of my health I sincerely regret that I am not able to visit. But I know what I am missing.

I personally feel visit to your institute is a TRUE TIRTH YATRA where you see GOD in forms of human beings the inmates & the staff looking after in mates. Once again I pray ALMIGHTY to shower their choicest blessings to all of you. Many thanks for your kind words which I do not deserve & with warmest personal regards,

Yours
**Mahesh Shah**
Consultant
Aon Global Insurance Brokers Pvt. Ltd.

## Mrs. Kanti S. Iyer - Surat

प्रकाशक-संपादक
कोशिश से कामयाबी
प्राथमिक विभाग,
विद्यानगर
भावनगर

माननीय संपादक जी,
जय भारत - रंग - बिरंगा

कोशिश करने वाले बच्चों की प्रगतिशील प्रवृत्तियाँ
भारत के उन्नति की ओर जाने का संकेत है।
आपकी संस्था व कोशिश पत्रिका लोगों में
जागृति लाने, दिव्यांग बच्चों को नया जीवन,
स्वावलम्बी जीवन एवं स्वमान से जीने की
कला सिखाकर अनोखी सेवा कर रहे हैं।
जिन बच्चों को समाज बदकिस्मत अभागा
समझते हैं उनका भाग्य निर्माण आपकी संस्था
कर रही है। आपकी संस्था से जुड़े व
सेवारत मानव वृंद का जीवन सार्थक है।
ग्राम्य विस्तार में अभी भी विकलांग बच्चे
दयनीय दशा में जी रहे हैं। गर्मी की छुट्टी
या दीवाली की छुट्टी पर कॉलेज के छात्रों की
टीम-यों। दिन ग्राम्य
विस्तार का भ्रमण करने का संकल्प करें तो
उन छात्रों को यश के साथ जीवन लक्ष्य का
ध्येय भी मिल सके - ऐसा मेरा विनम्र विचार है।
आप सब टीम को नमन - We feel proud
of Bhavnagar city & Institution.

**Mrs. Kanti S Iyer**
M.A B Ed
Healing Hands Hospital
Preshant Building,
City Light Road, SURAT-395 007
M. 94284 09793



वृक्षों की रक्षा कर
जय भारत

13-6-2017 कान्ति अय्यर

## કાનની બહેરાશ સ્માર્ટ ફોનથી જાણી શકાશે

સૌરાષ્ટ્રના જાણીતા ઈ.એન.ટી. સર્જન ડૉ. વિરલ છાપા તથા ડૉ. સી. પ્રિતમ દ્વારા, બહેરાશ માપવા માટેના **સ્માર્ટ ફોન એપ્લીકેશન** ડેવલપ કરવામાં આવી છે. જેના દ્વારા કોઈ પણ સ્માર્ટ ફોન ધારક સહેલાઈથી પોતાની જાતે જ કોઈ પણ તજજ્ઞની મદદ વગર પોતાની મેળે તેને બહેરાશ છે કે નહી અને હોય તો કેટલાં ટકા છે તે જાણી શકશે. આ એપ્લીકેશન નિઃશુલ્ક ધોરણે પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાશે. આ એપનું નામ **ઈન્ડિયન હીયરિંગ સ્ક્રિનિંગ ટેસ્ટ** રખાયું છે. સૌજન્ય : ફૂલછાબ




# સંક્ષિપ્ત સમાચાર

✍ વર્ષા એચ. ચાવડા



## નટરાજ રિસર્ચ સેન્ટર એન્ડ ટ્રેનિંગ કૉલેજ

### ૧. ઈગ્નૂ ટમ એન્ડ પરીક્ષા (થીઅરી) જૂન-૧૭



નટરાજ કોલેજ ખાતેના ઈગ્નૂ સ્પેશ્યલ સ્ટડી સેન્ટરમાં ટર્મ એન્ડ (થીઅરી) પરીક્ષા જૂન-૧૭ દરમ્યાન તા.૧/૬ થી ૨૧/૬ દરમ્યાન સફળતાપૂર્વક લેવામાં આવેલ હતી. ઈગ્નૂ, નવી દિલ્હી દ્વારા આ સેન્ટરમાં કુલ ૨૫૦ જેટલાં વિદ્યાર્થીઓને વિવિધ પ્રોગ્રામ અને વિવિધ કોર્સીઝમાં પરીક્ષા માટે ફાળવવામાં આવેલ હતાં. જેમાંથી કુલ ૨૧૨ વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી હતી. ઈગ્નૂના રાજકોટ ખાતેના રીજીયોનલ ડાયરેકટર ડૉ.રૂપલબેન કુબાવતે આ સેન્ટરની પરીક્ષાની કામગીરીથી સંતોષ વ્યકત કરી પી.એન.આર. સોસાયટી તથા સેન્ટરના કો-ઓર્ડિનેટરને અભિનંદન પાઠવેલ હતાં.

### ૨. સ્વનિર્ભર ઔદ્યોગિક તાલિમ કેન્દ્રમાં 'મોક ટેસ્ટ' નું આયોજન

નટરાજ કોલેજ ખાતે ચાલતાં સ્વનિર્ભર ઔદ્યોગિક તાલિમ કેન્દ્ર (SFITC) માં, **એમ્પ્લોયેબિલિટી સ્કિલ** નામના અભ્યાસક્રમમાં વિવિધ પ્રોફેશનલ સ્કિલની તાલિમ આપવામાં આવે છે આ તાલિમ પૂર્ણ કર્યા બાદ તેમની એક ટેસ્ટ, તા. ૩૦/૬ ના રોજ લેવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તેમજ આ ટેસ્ટ માટેની તૈયારી કુ. કૃપાલી બારડે કરાવેલ હતી.

### ૩. આર.સી.આઈ. માન્યતા પ્રાપ્ત ડિપ્લોમાં ઈન સ્પેશ્યલ એજ્યુકેશન અભ્યાસક્રમ

RCI, New Delhi દ્વારા જૂન ૨૦૧૭ માં NIEPMD (CP) ની પરીક્ષા તા. ૧૯/૬ થી તા.૨૩/૬ દરમ્યાન સફળતાપૂર્વક લેવામાં આવેલ હતી. નટરાજ કોલેજ ખાતે ચાલતાં આર.સી.આઈ. ની માન્યતા પ્રાપ્ત ડિપ્લોમા ઈન સ્પેશ્યલ એજયુકેશન અભ્યાસક્રમોની ૨૦૧૭-૧૮ ના વર્ષ માટે વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે જૂન માસમાં બહારગામ (ગુજરાત, રાજસ્થાન, હરીયાણા, ચંદીગઢ) ના વિવિધ કેમ્પ દ્વારા સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

### ૪. ભાવનગર યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવન દ્વારા શૈક્ષણિક સેમિનારનું આયોજન




નટરાજ કોલેજ ખાતે, મહારાજા કૃષ્ણકુમાસિંહજી ભાવનગર યુનિવર્સિટીના સોસિયોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા "Seminar of Sociology of Senitation" વિષય પર શૈક્ષણિક સેમિનારનું આયોજન, તા.૧૩/૭ થી ૧૫/૭ દરમ્યાન કરવામાં આવેલ હતું. આ સેમિનારનું ઉદ્‌ઘાટન શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ અતિથિવિશેષ શ્રી બિંદેશ્વર પાઠક (સંસ્થાપક સુલભ ઈન્સ્ટીટયુટ ઓફ સોસિયોલોજી) ના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. વિવિધ નિષ્ણાંતો, પ્રાધ્યાપકો, વ. એ આ સેમિનારમાં ભાગ લીધો હતો તથા તેમના દ્વારા પેપર રીડિંગ તથા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.





# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન


### ૧) રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન



પી.એન.આર.સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમિલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના **કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ** અંતર્ગત, વિકલાંગ બાળ જન્મ અટકાવ અભિયાન, **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ**, નીચે જુન થી જુલાઈ '૧૭ દરમ્યાન પાલીતાણા, તળાજા, ગઢડા, ઘોઘા, મહુવા તાલુકાનાં ગામડાઓમાં **રૂબેલાની અવરનેસ** આપવામાં આવેલ છે. **૩૯** પ્રાથમિક શાળાનાં આચાર્ય ને મળીને, રૂબેલા રસીકરણ કેમ્પ માટે **અવેરનેસ** આપેલ છે. તેમજ અગાઉ રૂબેલા રસીકરણ કરાવેલ હોય તેવા લાભાર્થીને લાભ થયેલ, તેની વિઝીટ કરેલ છે. જેમાં મીસકેરેજવાળા ઘણાં બહેનોને, તંદુરસ્ત બાળકોનો જન્મ થયેલ છે.

### ૨) ડેફનેસ - બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ

જુન થી જુલાઈ ૨૦૧૭ - ૧૮ માં ડેફનેસ- બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, તળાજા તાલુકાની પ્રાથમિક



શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. **વિકલાંગતા અટકાવ અભિયાન** અંતર્ગત, PNR સોસાયટીના પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ દ્વારા, પ્રાથમિક શાળાનાં ૨૧૧૮૨ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૪૭૩ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય, તેને ૪૫૪ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, ૭ બાળકોને, **કાનના પડદામાં કાંણાના ઓપરેશન** કરી આપવામાં આવ્યાં હતાં.

### ૩) પ્લાસ્ટિક સર્જરી કેમ્પ



જુન થી જુલાઈ ૨૦૧૭ **બે પ્લાસ્ટિક સર્જરી કેમ્પ** નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૯૩** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ ૨૨ બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૬ કપાયેલાં હોઠના, ૫ તાળવામાં કાંણાંના** ૪ હાઈપોસ્પીડિયા, તેમજ **૭** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર,પીગમેન્ટેશન,ટેટુ રીમુવલ વિગેરેનાં દર્દીઓ આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટીક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ૪) મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ



જુન થી જુલાઈ '૧૭ દરમ્યાન પી.એન.આર.હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓધવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બે મહિનામાં, શ્રી સત્યસાંઈ સેવા સમિતી, ભાવનગર દ્વારા **૨૮** નિદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું જેમા **૪૫૪** ની ઓ.પી.ડી. કરવામાં આવી. જરૂરિયાતમંદ લોકોને દવા, ટીપાં વગેરે વિતરણ કરેલ હતું.

**૪૯** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૬૮** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૪** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.

## ૫) લેડી એગ્રેમોન્ટ પેડિઆટ્રિક ઓપ્થે.સેન્ટર




આ સેન્ટરમાં, એક **કેમ્પ** નું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ડૉ.જનક શાહ (પેડિઆટ્રિક ઓપ્થેલ્મિક સર્જન) તેમજ ડૉ. પ્રિતિ શાહ (ઓપ્થેલ્મિક સર્જન) દ્વારા બાળકોની ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલવી વિગેરે તકલીફો, તેમજ આંખની અન્ય ખામીઓનું નિદાન-સારવાર વિનામૂલ્યે કરી આપવામાં આવ્યું. આ કેમ્પમાં ભાવનગર જિલ્લા તેમજ આજુ-બાજુનાં જિલ્લાઓમાંથી, વાલીઓ તેમનાં બાળકોને લઈને આવ્યાં હતાં. તેમાં **૬૮** બાળકોની ઓ.પી.ડી. કરવામાં આવેલ, તે પૈકી **૧૦** બાળકોનાં ઓપરેશન કરી આપ્યાં, જેમાં ત્રાંસી આંખ, પાંપણ ઢળી જવી, આંખ સતત હલતી, Fundus & Refrection, Sac Syring વિગેરે સર્જરી, તદ્દન ફ્રી, ડૉ.જનક શાહ દ્વારા સફળતાપૂર્વક કરી આપવામાં આવેલ.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મનસુખ એ. સોરઠિયા



ભાવનગર નવજવાન સંઘ સંચાલિત


## શેઠ શ્રી વી. સી. લોઢાવાળા મેટરનીટી એન્ડ ચાઈલ્ડ હૉસ્પિટલ

### ૧. ડેન્ટલ તથા ગાયનેક વિભાગ

દર અઠવાડિયે અનુક્રમે બુધવાર તથા શુક્રવારના રોજ ફ્રીમાં તપાસ કરી આપવામાં આવે છે. જેમાં મે માસમાં ગાયનેકના ૨૯ અને ડેન્ટલના ૫૯ દર્દીઓ જ્યારે જૂન માસમાં ગાયનેકના ૫૧ તથા ડેન્ટલના ૬૯ દર્દીઓએ લાભ લીધો હતો.

### ૨. ઈ.એન.ટી. વિભાગ :


એબ્બોટ કંપનીના સહયોગથી, રાહતદરે **થાયરોઈડના કેમ્પ**નું આયોજન કરવામાં આવે છે. જેનો જુન માસમાં ૧૩૯ દર્દીઓએ લાભ લીધો હતો.





# સંક્ષિપ્ત સમાચાર

જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. ઉદ્ઘાટન પ્રસંગે

તા. ૪/૭ ના રોજ આશીર્વાદ મહિલા કલબના ઉદ્ઘાટન પ્રસંગે, શ્રી જાગૃતિબેન શાહ (ચેરપર્સન) દ્વારા નટરાજ સી.પી. સ્કૂલના અર્લિ ઈન્ટર્વેશનના બાળકો તથા શ્રી ખી.લ. બહેરા-મૂંગા શાળાના બાળકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂલાઈ માસમાં જન્મદિન આવતાં હોય તેવા દિવ્યાંગ બાળકો તથા મહિલા મંડળની બહેનોનો જન્મદિન કેક કાપીને ઉજવાયો હતો. આ ઉપરાંત બાળકો દ્વારા કૃતિ પ્રસ્તુત કરવામાં આવી હતી. જેને સમગ્ર પ્રેક્ષકો દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ. જેમાં સંસ્થાને રૂા. ૩૭૧૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ. આ સાથેજ ભોજન વ્યવસ્થા પણ જાગૃતિબેન શાહ દ્વારા જ કરવામાં આવેલ હતી. તેમજ અન્ય મનોરંજન કાર્યક્રમ પણ મનમોહક હતાં.

### ૨. શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામીના મંદિરે દર્શન

તા. ૫/૭ ના રોજ સી.પી. સ્કૂલ તથા અર્લિ ઈન્ટરર્વેશનના વિદ્યાર્થીઓ, સ્ટાફ તથા કેર ટેકર્સ વાલીઓનો, ભાવનગર ખાતે આવેલ શ્રી ઘંટાકર્ણ મહાવીર સ્વામીના મંદિરે **દર્શન પ્રવાસનું** આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ ટ્રસ્ટ તરફથી શ્રી અમિતભાઈ શાહ અને કાર્યકરોએ દેરાસર દર્શન અને પ્રસાદની ઉત્તમ વ્યવસ્થા કરી આપી હતી.

### ૩. ગુરુપૂર્ણિમાની ઉજવણી

તા. ૮/૭ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલમાં ચાલતાં, નેશનલ ટ્રસ્ટ-વિકાસ પ્રોજેકટના બાળકોને, ગુરુદેવ, તેમજ મીરાંબાઈ બનાવી, શાળામાં ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી, ગુરુવંદના કરવામાં આવી હતી. જેમાં બધાજ બાળકોએ ભાગ લઈ, મોં મીઠું કરી ગુરુને વંદન કર્યા હતાં. આ ગુરુપૂર્ણિમાની અનોખી રીતે ઉજવણી કરી, ગુરુદેવના ગીતો તેમજ સત્સંગ ભજનો લઈ, દિવ્ય વાતાવરણ બનાવ્યું હતું. જેમાં ગોહિલ રાજેશ્વરી, તેમજ ગોહિલ ધૃવીનીબા, મીરાંબાઈ, દેવમુરારી ધૃવિન ગુરુદેવ બન્યાં હતાં. આ ઉજવણી શ્રી જીજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ, સ્પેશ્યલ એજયુકેટર શ્રી રેશ્માબેન ભાવસાર, તેમજ કેરગીવર્સ શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા કરવામાં આવી હતી.

### ૪. એસેસમેન્ટ કેમ્પ

તા.૧૫-૧૬/૭ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સી.પી. સ્કૂલમાં, **લર્નિંગ ડિસેબિલિટી** ધરાવતાં બાળકો માટે, ખાસ મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી **એસેસમેન્ટ માટેના કેમ્પ** નું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી દિશાબેન શાહ દ્વારા, લર્નિંગ ડિસેબિલિટી ધરાવતાં બાળકોની મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી ઓળખ, એસેસમેન્ટ, સાયકોથેરાપી તથા ટ્રિટમેંટ પ્લાન અને જરૂરિયાતવાળા બાળકનું WCSR કસોટીથી I Q ટેસ્ટ કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન વિશિષ્ટ શિક્ષક શ્રી વિભૂતિબેન વ્યાસે કરેલ.

### ૫. ઓર્થોસિસ કેમ્પ

તા.૨૫/૭ ના રોજ સી.પી. ડિપાર્ટમેન્ટના એસેસમેન્ટ એન્ડ સર્જીકલ પ્રોજેકટ અંતર્ગત, સોહમ ફાઉન્ડેશન, યુ.એસ.એ. ના સહયોગથી, સેરેબ્રલ પાલ્સી વિદ્યાર્થીઓ માટે **ઓર્થોસિસ કેમ્પ** નું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડૉ. કાજલબેન બોરડ, (ઓર્થોટિક એન્જીનિયર, પી.આર. વાઘર આર્ટીફિશિયલ લિંબ સેન્ટર) ૨૦ લાભાર્થીઓને તપાસી, ૧૪ લાભાર્થીઓના ઓર્થોસિસ માટે માપ લઈ, પસંદગી કરેલ. આ કેમ્પમાં સી.પી. ડિપાર્ટમેન્ટના ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. કલ્પેશભાઈ દેસાઈ, ડૉ. નિકિતાબેન ખોલકિયા, ડૉ. સંગીતાબેન ડાભીએ સંકલન અને વાલી માર્ગદર્શન કર્યું હતું.

### ૬. એસેસમેન્ટ કેમ્પ

તા.૨૭/૭ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત વિકલાંગ પુનઃસ્થાપન કેન્દ્ર, સિહોર ખાતે, સ્થાનિક કાર્યકર શ્રી અનિલભાઈ મહેતા, શ્રી નરેશભાઈ અજમેરા, સંસ્થાના ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. નિકિતાબેન ખોલકિયા, ડૉ. નિરાલીબેન ભટ્ટ તથા સ્પેશ્યલ એજયુકેટર શ્રી ખેવનાબેન ઓઝા અને આમંત્રિતોની ઉપસ્થિતિમાં, દિવ્યાંગ લાભાર્થીઓના **એસેસમેન્ટ કેમ્પ** તથા નવા આગંતુક લાભાર્થીઓને **નીલકમલ કોર્પસ ફંડ** અંતર્ગત, **શૈક્ષણિક કીટ બેગ** આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.


સિહોર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ૧૩ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે શ્રી અનિલભાઈ મહેતા તરફથી સર્વેને અલ્પાહાર કરાવવામાં આવ્યો.

આ કાર્યક્રમનું સંકલન શ્રી જીજ્ઞાબેન શાહના માર્ગદર્શન હેઠળ, ડૉ. નિકિતાબેન ખોલકિયા તથા સ્પેશ્યલ એજયુકેટર શ્રી નવનીતભાઈએ કર્યું હતું.



# સંક્ષિપ્ત સમાચાર

✍ મહાસુખભાઈ જકડિયા
અને પ્રદીપભાઈ ભટ્ટ



## પી. એન. આર. હૉસ્પિટલ

**મે-૧૭ થી જુન-૧૭ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૨૧ | ૨૫ (૭ પોલિયો) |
| આંખ | ૫૬૬ | ૧૨૯ |
| છારી કાઢેલ | - | ૨૯ |
| ઈ.એન.ટી. | ૬૧૦ | ૧૯ |
| આર્થોસ્કોપી | ૪૫ | - |
| પ્લાસ્ટિક સર્જરી | ૮૬ | ૨૦ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૮ | ૦૬ |
| ડેન્ટલ | ૧૭૮ | ૮૩ |
| જનરલ ઓપીડી | ૮૪૭ | - |
| હોમિયોપેથી | ૩૦૦ | - |
| એક્ષ-રે | ૧૭૯ | - |
| લેબોરેટરી | ૫૬૮ (દર્દી) | ૧૪૦૧ (ટેસ્ટ) |
| ત્રાંસી આંખ | - | - |
| રસીકરણ | ૬૧ | - |
| ચામડી | ૪૬ | |
| સાયકાટ્રિક | ૦૩ | - |

## મોતિયાના નિ:શૂલ્ક ઓપરેશનનો કેમ્પ



પી.એન.આર. હોસ્પિટલમાં નેત્રમણી મૂકી, **મોતિયાના નિ:શુલ્ક ઓપરેશન** કરવાનું સેવાકિય કાર્ય થતું રહે છે, જે નિ:શુલ્ક ઓપરેશન માટે દાતાશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થતો હોય છે. સુરેશભાઈ અમૃતલાલ મહેતાના જન્મદિન નિમિત્તે, તેમના પત્નિ મૃદુલાબેન મહેતા (ભુંભલી નિવાસી) ના આર્થિક સહયોગથી કેમ્પમાં આવેલ ૫૫ દર્દીને તપાસ્યા બાદ, ૧૨ દર્દીના ઓપરેશન ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલા તરફથી કરવામાં આવેલ હતાં.

કેમ્પનું દીપ પ્રાગટય, હોસ્પિટલના સિનીયર કર્મચારી દિનબાળાબેન રાઠોડ તથા ચેતનભાઈ રાણાના હસ્તે કરાવેલ. આ પ્રસંગે હોસ્પિટલના ચેરમેનશ્રી મહાસુખભાઈ જકડિયા તથા શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) વ. ઉપિસ્થત રહેલ હતાં. આ સેવાકિય સંસ્થામાં, દર્દીઓના લાભાર્થે અવિરત કાર્ય થઈ રહયું છે.

## માનસિક સમસ્યા માટે ફ્રી માર્ગદર્શનનો કેમ્પ



પી.એન.આર. હોસ્પિટલ ખાતે, તા.૨/૭ ના રોજ ના સાયકાટ્રિસ્ટ ડૉ. રાધિકાબેન મુખર્જીનો તનાવ, ડિપ્રેશન, હેટેક, ગર્ભિત ભય, નશામુકિત, સ્ત્રી-પુરુષ બાળકની સમસ્યા અંગેના **વિનામૂલ્યે કેમ્પ**નું આયોજન કરવામાં આવેલ હતું. દીપ પ્રાકટય દ્વારા થયેલ ઉદ્‌ઘાટનમાં, સંસ્થાના શ્રી મહાસુખભાઈ ઝકડિયા, સ્ટાફ, સ્થાનિક દર્દીઓ, પાર્કિન્સન્સ રોગ માટે થેરાપીની કસરત કરવા આવતાં લાભાર્થીઓ, ઉપસ્થિત રહેલ. આ કેમ્પમાં ડૉ. રાધિકા મુખર્જીએ માનસિક રોગોના દર્દીઓના પ્રશ્નો સાંભળી, પ્રશ્નોત્તરી કરી, સમસ્યાઓની છણાવટ કરી હતી રસપ્રદ પ્રશ્નોત્તરી બાદ, લાભાર્થીઓએ હળવાશ અનુભવી અને ડૉ. રાધિકા મુખર્જીની કિમતી ‘ટીપ્સ’ ની નોંધ લઈ, અમલમાં મુકવાનું નકકી કરેલ છે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેક્નોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

### "શાન્તુ બની પરિવારનું ગૌરવ"





ભાવનગરથી અંદાજે ૫૦ કિલોમીટર દૂર ગારિયાધાર તાલુકાના ચોમલ ગામે વસવાટ કરતાં, રાઘવજીભાઈને ત્યાં જયારે પુત્રીનો જન્મ થયો ત્યારે રાઘવજીભાઈને આનંદનો પાર ન હતો. પુત્રીનું નામ રાખ્યું શાન્તુ. વહાલસોયી દીકરીને રમાડતાં-રમાડતાં પાંચ વર્ષની થઈ ત્યાં સુધી, રાઘવજીભાઈને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે લાડકી દીકરી ઉપર આફત આવવાની છે. પાંચ વર્ષની કુમળી વયે શાન્તુએ પોલીઓને કારણે બંન્ને પગ ગુમાવ્યાં. લાડકી દીકરીની અપંગતાની વ્યથાએ સમગ્ર પરિવારને એવી ચિંતામાં મુકી દીધો હતો કે દીકરી મોટી થઈને શું કરશે ? પોતાના જીવનમાં આત્મનિર્ભર કઈ રીતે બનશે ?

આવી વિકટ સ્થિતીમાં પણ શાન્તુને ચોમલ ગામની શાળામાં દાખલ કરી. બંન્ને પગે વિકલાંગતા હોઈ, શાન્તુએ ઢસડાઈને ચાલવું પડતું. શાળાએ જવા બહેનની મદદ લેવી પડે. શાન્તુ જેમજેમ મોટી થતી ગઈ તેમ ધીમે-ધીમે આત્મવિશ્વાસ આવવા લાગ્યો. આગળ ભણવાની ઈચ્છા હતી, તેથી શાન્તુએ ભાવનગર આવી, ટી.વાય.બી.એ. સુધી અભ્યાસ કર્યો. નોકરી મળશે એવી આશા બંધાવા લાગી, પરતું કોમ્પ્યુટર જ્ઞાન નહીં હોવાથી કોઈ નોકરી આપે નહી. કોમ્પ્યુટર કોર્સની ફી ભરી શકે, એવી આર્થિક સ્થિતી પણ નહીં.

અભ્યાસ દરમ્યાન શાન્તુને માહિતી મળી કે પી.એન. આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં , **વિકલાંગ ભાઈ-બહેનો માટે વિનામૂલ્યે કોમ્પ્યુટરના કોર્સ** થાય છે. શાન્તુએ અહીં એડમિશન લઈ, પોતાની પસંદગીના કોર્સ કર્યા. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાંથી વિકલાંગ ભાઈ-બહેનોને વોડાફોન કંપનીમાં નોકરી આપતી **પ્લેસમેન્ટ એજન્સી** માં ઈન્ટરવ્યુ આપવા ગઈ. કંપનીના આ ઈન્ટરવ્યુમાં શાન્તુ સિલેકટ થઈ અને કંપનીનો ઓર્ડર હાથમાં આવતાં શાન્તુની આંખોમાં ચમક આવી, મનમાં જુસ્સો આવ્યો અને જે ગતિથી ઈન્ટરવ્યુ આપી બહાર આવી, ત્યારે એવું લાગ્યુ કે જાણે બંને પગોમાં પાંખો આવી ગઈ હોય. જો કે દીકરી આટલે દૂર, નોકરી કેવી રીતે એકલી રહી કરી શકશે ? એવો પરિવારજનોના મનમાં ડર હોઈ, આ નોકરી શાન્તુ ન સ્વીકારી શકી. પરંતુ કંપનીમાં તેની પસંદગી થઈ એ બાબતે, શાન્તુના આત્મવિશ્વાસમાં અનેકગણો વધારો કરી દીધો. બીજા પર નિર્ભર રહેવું પડશે તેવો ડર, હવે તેને મનમાં ન રહયો.

એરટેલ મોબાઈલ કંપનીના ડોકયુમેન્ટ કલેકશન સેન્ટર ખાતે થોડો સમય નોકરી મળી. પરંતુ પગથિયા ચડવા ઉતરવામાં ખૂબ જ તકલીફ પડતી હોવાથી નોકરી છોડવી પડી. હાલ શાન્તુ ભાવનગર મહિલા મંડળમાં નોકરી કરે છે. ૩૦૦૦ નો પગાર મળે છે. આ રકમ ભલે નાની લાગતી હોય, પણ શાન્તુ અને તેના પરિવાર માટે એક આશાકિરણ સમાન છે.

શાન્તુ પોતાના પગારમાંથી પરિવારને થોડી રકમ આપી, મદદરુપ થવા ઈચ્છે છે, પરંતુ પિતા રાઘવજીભાઈ દીકરીને કહે છે કે, અમે તને ખૂશ જોવા ઈચ્છીએ છીએ. શાન્તુ પોતાના પગારમાંથી મોટાભાગની રકમ બચાવે છે. શાન્તુને જયારે એક વખત પૂછયું કે પૈસા બચાવવાનું કારણ શું છે ? શાન્તુએ જવાબ આપ્યો કે, મારે એક સ્કુટર અને એક લેપટોપ લેવું છે. આવો જવાબ જયારે સાંભળીએ ત્યારે સંસ્થા વતી આપણને સૌને આનંદ થાય, પણ શાન્તુના પરિવાર માટે, શાન્તુ ગૌરવ બને, એનાથી વિશેષ બાબત એના પરિવાર માટે બીજી શી હોય શકે ?



# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી
અને લીલા ચૌહાણ



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### ૧. વિદાય સમારંભ



તા.૨૪/૪ ના રોજ શાળાના સિનિયર શિક્ષકશ્રી કૈરવીબહેનનો, વયમર્યાદાને કારણે વિદાય સમારંભ તથા શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી, આચાર્યશ્રી તથા શિક્ષકગણે તેમને નિવૃત્તિ સમયની શુભકામનાઓ પાઠવી હતી. શ્રી કૈરવીબહેને સર્વેને મિજબાની આપેલ. તા.૩૦/૬ ના રોજ શાળાના ચોથા વર્ગના કર્મચારી શ્રી બાલુબેન પરમાર અને છાત્રાલયના કેરટેકર બહેન શ્રી ધનીબહેનનો નિવૃત્તિ સમારંભ યોજાયો. શાળાના દરેક વિભાગના કર્મચારીઓએ આ બંને બહેનોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. શ્રી બાલુબહેને પણ દરેકને યાદગાર મિજબાની આપેલ.

### ૨. શાળા પ્રવેશોત્સવ

શાળામાં-૨૦૧૭ના નવા શૈક્ષણિક વર્ષમાં, પ્રાથમિક વિભાગમાં ૬૦ અને માધ્યમિક વિભાગમાં ૬૦ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધેલ.

### ૩. 'મધર ટ્રેનિંગ' પ્રોગ્રામ

શાળામાં શ્રવણમંદ દિવ્યાંગોના વાલી માટેનો 'મધર ટ્રેનિંગ' પ્રોગ્રામ તા.૨૦/૭/'૧૭ થી શરૂ થશે. આ વર્ષે ૫ માતાઓ આ અભ્યાસક્રમમાં જોડાયેલ છે.

### ૪. પર્સન્સ વીથ ડિસેબિલિટી એક્ટ - ૨૦૧૬

આ કાયદો દિવ્યાંગોના હકકોના રક્ષણ માટે ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેનો અમલ ભારતના સમગ્ર રાજયોમાં કરવાનો છે. આ કાયદા અગાઉ PWD એકટ ૧૯૯૫ અમલમાં હતો. હાલ નવો કાયદો અમલી બનતા, તેની સમજૂતી માટે અને તે અંગે સમાજમાં જાગૃતતા ફેલાવવા માટે તારીખ ૪/૭/૧૭ ના રોજ માનનીય મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ) આત્મારામભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને **ઓરિએન્ટેશન પ્રોગ્રામ**માં, શ્રી કમલ દયાની (આઈ.એ.એસ) અગ્રસચિવ, શ્રી પી.બી. ઠાકર (આઈ.એ.એસ.) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, તથા શ્રી ભૂષણ પુનાની, સેક્રેટરી બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન તથા શ્રીમતી નંદિનીબેન રાવલની વિશેષ ઉપસ્થિતમાં આ કાર્યક્રમ યોજાયો. જેમાં RPWD Act-2016 ની વિગતે સમજણ અપાઈ. સમગ્ર ગુજરાતની દિવ્યાંગો માટેની સંસ્થાના એક-એક પ્રતિનિધિએ તેમાં હાજરી આપવાની હતી. સંસ્થામાં પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ શ્રી ઈલાબેન મજમુદાર, માધ્યમિક શાળાના પ્રિન્સિપાલ શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી ઉપસ્થિત રહી માહિતી મેળવી. જે અંતર્ગત ઉચ્ચ શિક્ષણમાં દિવ્યાંગો માટે ૫ ટકા અનામત રાખવામાં આવશે, સમ્મિલિત શિક્ષણનો વ્યાપ વધારવો વગેરે બાબતો જણાવવામાં આવી.

### ૫. ગુરુપૂર્ણિમા પ્રોજેક્ટ

શાળામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રોજેકટ મંત્રી દ્વારા, **ગુરુપૂર્ણિમા** વિશે બાળકોને સાચી અને ઊંડી સમજ મળી રહે તે હેતુથી, **ગુરુપૂર્ણિમા**ની ઊજવણી કરવામાં આવી. શાળાના બાળકોએ ગુરુપૂર્ણિમાના વિષયને આધારિત ચાર્ટ, ચિત્રો, કાર્ડસ, હસ્તકલાના નમૂના વગેરે બનાવ્યાં, જેને શાળાના ઓડિટોરીયમમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં. તેમ જ **જીવનમાં ગુરુના મહત્વ** વિશે સમજ આપવામાં આવી.

### ૬. "રાધાકૃષ્ણ" નૃત્ય નાટિકા

તા.૪/૭/૧૭ ના રોજ **"જાગૃતિ એજયુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટ"** દ્વારા **"આશીર્વાદ મહિલા મંડળ"** ની સ્થાપના પ્રસંગે, આપણી શાળાની વિદ્યાર્થીનીઓએ **"રાધાકૃષ્ણ"** નૃત્ય નાટિકા રજૂ કરી હતી. જેણે સર્વે શ્રોતાઓના મન મોહિ લીધા અને આ કૃતિને રૂા. ૧૦૦૦/- ની ભેટ આપવામાં આવી. શ્રી કવિતાબેન અને શ્રીમબહેને, બાળકોને આ કૃતિ તૈયાર કરાવેલ છે.

### ૭. 'વકતાઓને વાણી વૈભવ'

તા.૧૨/૭/૧૭ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં, **'વકતાઓને વાણી વૈભવ'** કાર્યક્રમ અંતર્ગત, વકતા તરીકે શ્રી અજયભાઈ પાઠકને આમંત્રિત કરવામાં આવેલ. શ્રી અજયભાઈએ ગત વર્ષે **લર્નિંગ ડિસેબિલિટી** વિષય પર વકતવ્ય આપેલ. આ દિવસે, આ વર્ષે તેમણે આ જ વિષય

પર એલ.ડી. ધરાવતી વ્યકિતના લક્ષણો વિશે પ્રકાશ પાડયો. સામાન્ય વાતચીતની ભાષાવાળું તેમનું વકતવ્ય સૌ શિક્ષકોને માટે જ્ઞાનસભર તથા પ્રેરણાદાયી બની રહયું. શ્રી અજયભાઈ એક નિવૃત બેંક મેનેજર છે. પૂ. મોરારીબાપુ આયોજિત, **અસ્મિતા પર્વ** નું અહેવાલ લેખન કરે છે. તેઓ એક સારા વિવેચક, ઉપરાંત દર બુધવારે યોજાતી બુધસભામાં (ભાવનગર) કાવ્ય પઠન પણ કરે છે. હાલ તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રસારમંત્રી તરીકે ચૂંટાયા છે. શાળાના શિક્ષકો તથા આચાર્યશ્રી ઈલાબહેન તેમજ શ્રી પ્રજ્ઞાબહેનની હાજરીમાં આ વકતવ્ય યોજાયું હતું.

## ૮. કલાત્મક રાખડીઓનું પ્રદર્શન તથા વેચાણ



શિક્ષણની સાથે-સાથે શાળાના બાળકો, **ક્રાફટના વર્ગ** માં અવનવી કલાત્મક વસ્તુઓ શીખે છે. શ્રાવણ માસમાં આવતાં ભાઈ-બહેનના પવિત્ર તહેવાર **"રક્ષાબંધન"** ના અનુસંધાને આ ક્રાફટ વર્ગમાં શિક્ષક શ્રી મીનાબેન રૂપેરા દ્વારા બાળકોને રાખડી બનાવવાને હુન્નર શીખવવામાં આવ્યો. જેનું પ્રદર્શન અને વેચાણ શાળાની લાઈબ્રેરીમાં રાખવામાં આવેલ. આચાર્યશ્રી તથા શિક્ષકોએ, આ બાળકોને તથા મીનાબહેનને બિરદાવેલ.

## ૯. પૂ. શ્રી કોઠારી સ્વામીનું આગમન

તા. ૧૧/૭ ના રોજ, સ્વામીનારાણ સંપ્રદાયના મહંત સ્વામીશ્રી કોઠારી સ્વામી, શાળાના બાળકોને આશીર્વાદ આપવા માટે પધાર્યા હતાં. શાળાના દરેક બાળકોએ તેઓને પ્રણામ કર્યા. સ્વામીજીએ બધાજ બાળકોને ખૂબ-ખૂબ આશીર્વાદ આપ્યાં. પૂ. શ્રી કોઠારી સ્વામીના આગમનથી, સંસ્થા ધન્યતાની લાગણી અનુભવે છે.

## ૧૦. 'વિશ્વ યોગ દિવસ' ની ઉજવણી

૨૧ જૂન એટલે **"વિશ્વ યોગ દિવસ"** ભાવનગર યુનિવર્સિટીના વિશાળ મેદાનમાં, વર્ષાઋતુના આહ્લાદક વાતાવરણમાં, શાળાના બંને વિભાગના બાળકો, તેમજ શિક્ષકો **યોગ દિન** ની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાયાં. પ્રધાનમંત્રીશ્રી દ્વારા પ્રેરિત, સમગ્ર દેશમાં ઉજવાતો આ દિવસ વિદ્યાર્થીઓના



નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં આવતો હોવાથી, વિદ્યાર્થીઓનું આખું વર્ષ એક નવી ચેતના સાથે પસાર થાય છે. વિદ્યાર્થીની આ **યોગઊર્જા**ને ચેતનવંતી બનાવવા માટે, શાળાના મુખ્ય છાત્રાલયમાં તથા શ્રીમતી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલયમાં, **પતંજલિ યોગ કેન્દ્ર** દ્વારા નિયમિત યોગાભ્યાસ કરાવવાનું આયોજન શાળાના મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું છે.

## ૧૧. દિવ્યાંગો માટે સાધન સહાય મેગા કેમ્પ

તા. ૨૮-૨૯ જૂન રાજકોટમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા, દિવ્યાંગો માટે સાધન સહાય **મેગા કેમ્પ** યોજાયો. જે અંતર્ગત શાળાના ધો. ૪ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો આ કાર્યક્રમમાં સામેલ થયાં હતાં. તા.૨૮/૬/૧૭ ના રોજ ૧૪૦૦ શ્રવણમંદ દિવ્યાંગો દ્વારા, **સાઈન લેંગ્વેજ દ્વારા રાષ્ટ્રગાન માટેનો વર્લ્ડ રેકોર્ડ** પ્રસ્થાપિત કરી, ગ્રિનીઝ બૂકમાં અદ્‌ભૂત સિધ્ધિ નોંધાઈ હતી. જેમાં આપણી શાળાના **૩૦૦** વિદ્યાર્થીઆએ આ મહાન સિધ્ધિ નોંધાવવા ફાળો આપ્યો હતો. જે શાળા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. તા. ૨૯ જૂનના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની હાજરીમાં યોજાયેલ, આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ **સાઈન લેંગ્વેજમાં રાષ્ટ્રગાન** રજૂ કર્યું હતું.


# છાત્રાલય વિભાગ

## શ્રવણમંદ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી

આધુનિક યુગમાં લોકો પોતાના અને સ્વજનોના જન્મદિવસ હોટલ, પાર્ટી પ્લોટમાં, કલબમાં ફેમિલી સાથે ઉજવતાં હોય છે અને હજારો રૂપિયા ખર્ચ કરતાં હોય છે. ત્યારે તા. ૧૩/૭ ના રોજ **હર્ષ અને કાવ્ય** એ બે બાળકોનો જન્મદિવસ, તેમના વાલીએ-તેના પરિવારે છાત્રાલયના બધાજ બાળકો સાથે ઉજવ્યો. છાત્રાલયના બધાજ બાળકોને **પંજાબી ભોજન** છાત્રાલયમાં જ બનાવડાવી અને પોતાના હાથે બાળકોને પીરસીને જમાડયાં. ખૂબજ સ્વાદિષ્ટ અને સાત્વિક ભોજન ખાવાની બાળકોને મજા પડી. બાળકોએ તેઓને જન્મદિવસની શુભેચ્છા પાઠવેલ.

# સંક્ષિપ્ત સમાચાર

✍ ડૉ. ધીરુભાઈ ધંધુકિયા



## 'હાઈટેક' બાલમંદિર અને પ્રાયમરી સ્કૂલ

## હાઈટેક સ્કૂલ 'પ્રવેશોત્સવ'ની ઉજવણી



પી.એન.આર. સોસાયટી સંચાલિત, હાઈટેક બાલમંદિર અને હાઈટેક પ્રાયમરી સ્કૂલનો પ્રવેશોત્સ તા. ૫/૬/૧૭ ના રોજ યોજાયેલ. જેમાં અનેક મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ અને વાલીઓએ હાજરી આપી હતી. શિક્ષક શ્રી જીજ્ઞાબેન બી. ત્રિવેદી તથા શ્રી પૂજાબેન એચ. પલાણે બાળકોને કંકુ-ચોખા વડે ચાંદલા કરીને સ્વાગત કરેલ. ત્યારબાદ બાળકોને પુષ્પ અને ચોકલેટ આપેલ. નટરાજ ઓડિટોરીયમમાં યોજાયેલ, કાર્યક્રમમાં શ્રી પૂજાબેન પલાણે આવેલ મહેમાનો અને મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરેલ. માનનીય શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ) તેમજ શ્રી ઈલાબેન શાહના વરદ્ હસ્તે દીપ પ્રાગટય થયેલ, જેમાં અન્ય મહાનુભાવો પણ જોડાયાં. શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી પારસભાઈ શાહ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી પનારાભાઈ વિગેરે ઉપસ્થિત રહેલ. શ્રી અનંતભાઈ શાહે પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ. શ્રી પનારાભાઈએ રસપ્રદ વાર્તાલાપ કરેલ. આચાર્યશ્રી હિતેનભાઈ પંડયાએ પર્યાવરણ વિષયક રસપ્રદ વાત કરેલ. ઉપસ્થિત વાલીઓએ ખૂબ સારા પ્રતિભાવો આપેલ. શ્રી અનંતભાઈ શાહે, વાલીઓના પ્રશ્નો અને અપેક્ષાઓ સાંભળી, તેમને સંતોષકારક જવાબ આપેલ. દરેક વાલીઓને સંસ્થા દર્શન કરાવેલ. વાલીઓ પણ કુદરતી વાતાવરણનો અનુભવ કરીને ભાવવિભોર બન્યાં હતાં. ત્યારબાદ દરેક બાળકોને, બાલમંદિરના હોલમાં શિક્ષક શ્રી પૂજાબેન પલાણ, શ્રી જીજ્ઞાબેન ત્રિવેદી અને શ્રી અનિતાબેન રાઠોડે, બાળગીત ગવડાવીને અભિનય કરાવેલ. કાર્યક્રમના અંતમાં દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓને કેન્ડી વિતરણ કરી મોં મીઠું કરાવેલ.

### ૧. સુલેખન સ્પર્ધા

પી.એન.આર. સોસાયટી સંચાલિત, હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં, તા. ૭/૭/૧૭ ના રોજ ધો. ૩ થી ૫ માં બાળકોના અક્ષર સુધરે, તેમજ લખાણ સારું લખે તે હેતુથી **સુલેખન સ્પર્ધા** નું આયોજન કરેલ. જેમાં ધો. ૩ થી ૫ ના બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.

આ કાર્યક્રમમાં શ્રી ડી. જે. ધંધુકિયાએ **બાળકોને અક્ષર લેખન** વિશે માર્ગદર્શન આપેલ. શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા તથા શ્રી નિશાબેન દવેએ સ્પર્ધા માટેની જહેમત ઉઠાવેલ. **અક્ષરોના વળાંક તેમજ અક્ષરોનો મરોડ કેવી રીતે સુંદર લખાણ બનાવી શકે**, તે અંગે આચાર્ય શ્રી હિતેનભાઈ પંડયાએ માહિતી આપેલ.

### ૨. 'યોગ દિવસ'ની ઉજવણી

**'૨૧ મી જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'** હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં ઉજવવામાં આવ્યો. જેમાં ધો. ૧ થી ૫ ના શાળાના વિદ્યાર્થી બહેનો અને ભાઈઓ દ્વારા હળવા આસન, વ્યાયામઅને પ્રાણાયમતેમના શિક્ષકોએ કરાવેલ. આચાર્યશ્રીએ બાળકોને યોગનું મહત્વ, તેમજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વાત કરેલ. બાળકોને અનુલોમ-વિલોમ, પ્રાણાયમ, ઓમકાર, તેમજ સૂર્ય નમસ્કાર કરાવવામાં આવેલ. તેમજ આચાર્યશ્રી દ્વારા પદ્માસન, સુખાસન, પશ્ચિમોતામાસન, વ્રજાસન જેવા બાળકો કરી શકે તેવા આસનો કરાવવામાં આવેલ. શાળાના બધાં બાળકોએ શાંતિપૂર્વક દરેક આસનો, તેમજ પ્રાણાયમ કરેલ. ત્યારબાદ પી. ટી. શિક્ષકા શ્રી પૂજાબેન દ્વારા બાળકોને હાથ, પગ, ગરદનની કસરતો કરાવવામાં આવેલ. બાળકોને યોગથી રોગમુકિત માટે, તેમજ શારીરિક તંદુરસ્તી માટે યોગ ખૂબ જ જરૂરી છે તેવું જણાવેલ. બાળકોને **યોગથી ભાગે રોગ** જેવા સૂત્રોચારનું ગાન કરાવેલ, ત્યારબાદ બાળગીત અને પ્રાર્થના કરી બાળકોને વર્ગખંડમાં લઈ ગયેલ.

### ૩. શાળાની મુલાકાતે

હાઈટેક પ્રાયમરી સ્કૂલમાં તા.૫/૭ ના રોજ, શાળાની મુલાકાતે, **પૂર્વસચિવ ડૉ. કે.આર. ઝાંઝરુકિયા પધારેલ.** શાળાના નાનાં ભૂલકાઓને શિક્ષણ વિશે રસપ્રદ વાર્તાલાપ કરેલ. તેમજ શાળાના શિક્ષકો સાથે, **ભાર વિનાના ભણતર**, તેમજ બાળક શાળાએ કેમ હસતું, કૂદતું આવે તેના વિશે માર્ગદર્શન આપેલ.



# સંક્ષિપ્ત સમાચાર

નેહલ ગઢવી



## 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા

### ૧. પ્રાર્થના સભા :-

તા. ૮-૬ ના રોજ શાળાના પૂર્વ માનદ્ મંત્રી શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) ના સ્વ. ધર્મપત્ની ઈન્દુબાની પુણ્યતિથિ નિમિત્તે **પ્રાર્થનાસભા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી ભાવનાબેન, શ્રી ક્રિષ્નાબેન, શ્રી પ્રજ્ઞાબેન દ્વારા ભજન રજૂ કરવામાં આવેલ,તેમજ બે મિનીટ મૌન પાળી,સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવેલ.

### ૨. 'વિજ્ઞાનનગરી' ની મુલાકાતે :-

તાજેતરમાં 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળાના બાળકોએ, સ્થાનિક વિજ્ઞાનનગરીની મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન બાળકોને તેમની ક્ષમતા અને મર્યાદાઓને ધ્યાનમાં રાખીને, જીવવિજ્ઞાન-રસાયણવિજ્ઞાન તેમજ ભૌતિકવિજ્ઞાન વિગેરે અંગેની માહિતી, તેમજ તેમના પ્રયોગો અંગે એકદમ સરળ અને બાળકોને રસ પડે તેવી રસપ્રદ શૈલીમાં સમજાવવામાં આવેલ. તેમજ બાળકોને ફિલ્મ દ્વારા, **પૃથ્વીની ઉત્પતિ**, તેમજ પૃથ્વીની વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતગાર કરવામાં આવેલ. બાળકો સમગ્ર મુલાકાત દરમ્યાન ખૂબજ આનંદ મેળવી, ઉત્સાહિત થયેલ. આ મુલાકાત દરમ્યાન શાળાના શિક્ષક સર્વશ્રી પારૂલબેન પાઠક, રેશ્માબેન શાહ, પારસભાઈ પરમાર, હિનાબેન ગળથરીયા તથા અમીતાબેન પટેલે, બાળકોની સાથે રહી યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડી, ખૂબ જ સરાહનિય કામગીરી કરેલ.

### ૩. સંસ્થાની વાર્ષિક મિટિંગ :-

તા.૧૮/૬/૧૭ ના રોજ સંસ્થાની ટ્રસ્ટી મંડળ, તેમજ કાર્યવાહક કમિટીની વર્ષ ૨૦૧૬-૧૭ ની વાર્ષિક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં માનદ્મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા, વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓ, તેમજ માનદ્ ટ્રેઝરર શ્રી વિનુભાઈ હકાણી દ્વારા ઓડિટેડ હિસાબો રજૂ કરવામાં આવેલ. તેમજ બજેટ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવેલ. હાજર ટ્રસ્ટીશ્રીઓ, તેમજ સભ્યો દ્વારા, અંકુરની સુંદર કામગીરીને બિરદાવવામાં આવી અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવવામાં આવેલ.

### ૪. રમઝાન ઈદની ઉજવણી :-

ઉત્સવનો અર્થ જ એ છે કે અન્ય સાથે હળવું-મળવું, એક-બીજાના સુખ-દુઃખ સમજવાનો પ્રયાસ કરવો, આમતો દરેક




તહેવાર પાછળ એક સંદેશ હોય છે, જે તહેવાર પછી એ માણસે સંદેશ મુજબ જીવવાનું હોય છે. આવો જ એક ઉપક્રમ'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા ખાતે તા.૨૦/૬ ના રોજ શ્રી આરીફભાઈ કાલ્વા (હોટલ મૌસમ) ના અતિથિ વિશેષ પદે યોજાય ગયો. જેમાં **રમઝાન ઈદ** ની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત શાળાના બાળકો દ્વારા સામુહિક દુવા કરવામાં આવેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા **રમઝાન ઈદનું મહત્વ** સમજાવવામાં આવેલ. ત્યારબાદ બાળકોએ એક-મેક ને ગળે મળી, ઈદની મુબારકબાદી પાઠવેલ. આમ સદ્ભાવના તથા હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં રમઝાન ઈદની ઉજવણી કરવામાં આવેલ.

### ૫. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી :-

તા.૨૩/૬/૧૭ ના રોજ જિલ્લા પ્રશાસન દ્વારા યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે, **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ** ની સુંદર ઉજવણી કરવામાં આવેલ. જેમાં અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના ૧૧૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ.

### ૬. અંકુર શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી :-

તાજેતરમાં અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ખાતે **પ્રવેશોત્સવ**ની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆતમાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવેલ. શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ શેઠ દ્વારા મહેમાનોનું શાબ્દિક, તેમજ પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન, નવા પ્રવેશ મેળવેલ બાળકોને તિલક કરી, મોં મીઠું કરાવી, વિશિષ્ટ કેળવણીના ક્ષેત્રમાં પ્રવેશ આપવામાં




આવેલ. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શ્રી વિભાવરીબેન દવે (સંસદીય સચિવશ્રી), શ્રી સુરેશભાઈ ધાંધલ્યા (ચેરમેનશ્રી સ્ટેન્ડીંગ કમિટી), ડૉ. આર. કે. સિન્હા (હેલ્થ ઓફિસર), શ્રી હિરાબેન વિઝુંડા (સભ્યશ્રી શિક્ષણ સમિતિ), શ્રી અનંતભાઈ કે. શાહ - બાબાભાઈ (મંત્રીશ્રી પી.એન.આર. સોસાયટી) તેમજ શાળાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી ભાવનાબેન અંધારિયાએ કરેલ. આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ, સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે સંપન્ન થયેલ.

### ૭. આનંદધામની મુલાકાત :-



તા.૧૧/૭/૧૭ ના રોજ, બાવળા સ્થિત **આનંદધામ મંદબુધ્ધિવાળા બાળકોની નિવાસી સંસ્થા** ની અંકુર શાળાના ટ્રસ્ટીશ્રી વિનુભાઈ હકાણી, શ્રી અંજનાબેન હકાણી, આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી, તેમજ શિક્ષક શ્રી પારૂલબેન પાઠક, શ્રી રેશ્માબેન શાહ અને શાળામાં ચાલતાં વાલી મંડળના બે વાલીઓએ મુલાકાત લીધેલ.

વિદ્યા

## CBSEની સ્કૂલોમાં વિકલાંગોના શિક્ષકોની ભરતી ફરજીયાત


### ગુજરાત રાજયની માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં વિકલાંગ બાળકોને પ્રવેશ માટે આદેશ

ડેપ્યુટી સેક્રેટરી, કેન્દ્રીય માધ્યમિક શિક્ષા બોર્ડ, તેના તા.૧૩ જૂન '૧૭ ના પત્રથી તમામ શાળાઓને, **"રાઈટ ટુ એજ્યુકેશન ૨૦૦૯"** અન્વયે, વિકલાંગ ધારા ૧૯૯૫ ની જોગવાઈ મુજબ, તમામ નોર્મલ બાળકોની સ્કૂલોમાં વિકલાંગોની તાલિમ પામેલાં, **સ્પેશ્યલ એજ્યુકેટરોની** તાત્કાલિક ભરતી કરવાનો આદેશ કર્યો છે. સાથો-સાથ ગુજરાત રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ગ્રાન્ટેબલ કે નોન ગ્રાન્ટેબલ માન્ય શાળાઓમાં, કોઈપણ **વિકલાંગ બાળક એડમિશન માગે** તો તેને ના પાડી શકશે નહીં, તેવો આદેશ, રાજયના શિક્ષણ વિભાગે તેના તા.૨૦/૭/૨૦૧૨ ના પરિપત્રથી બહાર પાડયો છે. આ રીતે હવે વિકલાંગ બાળકોના તાલિમ પામેલાં, હજારો શિક્ષકોની જરૂરિયાત એક તરફ ઉભી થઈ છે, તો બીજી તરફ અગાઉથી પ્લાનિંગ કરેલું ન હોવાથી તાલિમ પામેલાં શિક્ષકોની ઘટ વર્તાવા લાગી છે. તે પૂરી કરવા માટે ઘણો સમય લાગશે. જે દરેક માટે ચિંતાનો વિષય છે.

## સ્કીન સ્પેશ્યાલિસ્ટનું સ્તુત્ય પગલું

**ભાવનગરમાં પ્રેકટીસના ૫૦ વર્ષની ખુશાલીમાં ડૉ. એમ. જી. દેસાઈ, સ્કીન સ્પેશ્યાલિસ્ટે, વિકલાંગો અને નિવૃત્ત સૈનિકો માટે ટોકનદરે રૂા. ૧૦૦/- માં સેવા આપવાનું જાહેર કરેલ છે. ડૉ. દેસાઈ પોતાની પ્રેકિટસની સાથો-સાથ રેડક્રોસ સોસાયટી, શિશુવિહાર વગેરે સામાજિક સંસ્થાઓમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે. સમાજના વંચીતોની નામની ફી લઈને સેવા આપવાનું તેમનું પગલું પ્રસંશનીય છે. જરૂરતમંદ લોકોને આ સેવાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.**

## વિદાય સમારંભ



પી. એન. આર. સોસાયટીના એકાઉન્ટ વિભાગમાં છેલ્લાં બે વર્ષથી કાર્યરત કુ.ઉજજવલાબેન વ્યાસ (આસિ. એકાઉન્ટન્ટ) સ્વૈચ્છિક રાજીનામુ આપી, અન્ય જગ્યાએ જતાં હોય, તેમને વિદાય શુભેચ્છા આપવાનો કાર્યક્રમ તા. ૩૧/૭/૧૭ ના રોજ કોન્ફરન્સ હોલ, નટરાજ કોલેજ ખાતે રાખવામાં આવેલ. જેમાં વિવિધ વકતાઓએ તેમની નિયમિતતા, કાર્યશૈલી અને કુશળતાને બિરદાવેલ હતી.

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ જુન - ૨૦૧૭ થી ૩૧ જુલાઈ - ૨૦૧૭ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### (80-G)

| | |
|---|---|
| Shri Thebasakarani Mustak - Gadhada | 2,000 |
| Shri Pratapbhai Shamjibhai Parekh - Mumbai | 100,000 |
| Shri Rashmiben Pratapbhai Parekh - Mumbai | 100,000 |
| Shri Himanshu Pratapbhai Parekh - Mumbai | 100,000 |
| Shri Alkaben Himanshbhai Parekh - Mumbai | 100,000 |
| Shri Shweta Pratapbhai Parekh - Mumbai | 100,000 |
| Shri Deepaben R. Variava - Mumbai | 100,000 |
| The Aditya Textile Pvt.ltd. Charitable Trust - Mumbai | 500,000 |
| Dr. Subhash Telang - Bhavnagar | 2,000 |
| Shri Ambikaben Tekariwal - Bhavnagar | 2,000 |
| Shri Pradipbhai Tekariwal - Bhavnagar | 2,000 |
| Shri Rishi Tekariwal - Bhavnagar | 1,000 |
| M/S. B.K.Parekh Parkinson's Disease & Movment Disorder - Mahuva | 53,000 |
| Shri Parshuram Balvant Ganpule Mahila Mandal - Sihor | 1,000 |
| Shri Laxmibai Dwarkdas Charity Trust - Mumbai | 120,000 |
| Shri Shilpa N.Shah Public Charitable Trust - Mumbai | 25,000 |
| Shri Rasilaben Harsukhlal Bapulal Shah Mem.cha.trust - Mumbai | 27,000 |

### (FCRA)

| | | |
|---|---|---|
| M/S. The Dalal Family Foundation Inc.-New Jersy | $ 24,130 | 1,544,079 |
| M/S. Heart And Hand For The Handicapped-USA | $ 3,000 | 189,002 |
| M/S. Impact Fondation-U.K | $ 8,068 | 670,750 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (80-G)

| | |
|---|---|
| M/S. Aarvi Encon Privatre Ltd - Mumbai | 5000 |
| Shri Hiteshbhai Jayantilal Dave - Bhavnagar | 7000 |
| Shri Hemlataben A. Kapasi - Bhavnagar | 11000 |
| Shri Vandanaben Jineshbhai Shah - Mumbai | 30000 |
| Shri Rasikbhai Nariya - Surat | 7000 |
| Shri Hareshkumar Ramjibhai Pandya - Bhavnagar | 10000 |
| M/S. Electromail Ltd - Bhavnagar | 5000 |
| Shri Pareshbhai S. Shah - Banglore | 87000 |
| Shri Aanaya Samirbhai Rathod - Bhavnagar | 3000 |
| Shri Chandrakantbhai Mulchand Shah-Mumbai | 15000 |
| Lt. Niranjanbhai Kantilal Vakani - Bhavnagar | 1111 |
| Manibhai Karia Charitable Trust - Rajkot | 30000 |
| Swashray Foundation - Bhavnagar | 15000 |
| Lt.Rameshbhai Himmatlal Shah - Mumbai | 1001 |
| Shri Bhavikaben R. Chauhan - Banaskatha | 10000 |
| Shri Trambaklal Sundarji Kamdar Charitable Trsut - Mumbai | 5000 |
| Shri Kiritkumar Maganlal Trivedi - Bhavnagar | 6000 |
| Shri Hiteshbhai Nikhileshbhai Mehta - Mahuva | 15000 |
| Shri Mahendrasinh Kiritsinh Gohil - Bhavnagar | 15000 |
| Shri Chandulal Morarji Tanna - Mumbai | 10000 |
| Sudhaben Kanubhai Shah Charitable Trust - Bhavnagar | 12000 |
| Shri Nasimben Karimkhan Pathan - Bhavnagar | 81000 |
| M/S. L. N. Chemical Industries - Mumbai | 11000 |
| Shri Bharatbhai Anantray Trivedi - Bhavnagar | 7501 |
| M/S. Janak Enterprise - Bhavnagar | 35000 |
| M/S. Chem Intel - Mumbai | 15000 |
| Shri D. K. Ajmera Charitable Trust - Mumbai | 16000 |
| Shri Bijal Apoorva Mehta - Mumbai | 15000 |
| Shri Apoorva Jekisandas Mehta - Mumbai | 15000 |
| Shri Soniyaben Arunbhai Tiwari - Bhavnagar | 5100 |
| M/S. N Bhau (Jwellers) Ltd. - Mumbai | 30000 |
| Shri Chandrakant C. Desai - Mumbai | 100000 |
| M/S. Centrex Opticians - Mumbai | 10000 |
| Shri Vedant Mehulbhai Shah - Bhavnagar | 5000 |
| Shri Dilipbhai M. Doshi - Bhavnagar | 4000 |
| M/S. Orpat Charitable Trust - Morbi | 15000 |
| Shri Rotla Group - Bhavnagar | 18000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| Shri Vajubhai / Champaben Rathod - Bhavnagar | 51001 |
| Shri Shridhar Shrinivasan - Mumbai | 50000 |
| Shri Rameshbhai Gokaldas - Mumbai | 25000 |
| Shri S.C. Anandpara (HUF) - Mumbai | 25000 |
| Shri Vaghasiya Parivar - Bhavnagar | 8701 |
| In the Memory of Late Shri Piyushbhai Parekh - Bhavnagar | 5000 |
| Shri Arifbhai Kalva - Bhavnagar | 5000 |
| Well Wishers - Bhavnagar | 1405 |
| Shri Sarojben Niranjanbhai Vakani - Bhavnagar | 1111 |
| Shri Pramodbhai C. Gandhi - Bhavnagar | 1000 |
| Shri Mahendrabhai Sudhirbhai Shah - Bhavnagar | 1000 |
| Shri Abdulbhai Satarbhai Dholiya - Bhavnagar | 1000 |

**શ્રી શાહ ખી. લ. બહેરાં - મૂંગા શાળામાં**

# વિવિધ સાધન સહાય કાર્યક્રમ

તા. ૫/૭/'૧૭ના રોજ શાળાના ઓડિટોરીયમમાં, દિવ્યાંગ-બધિર લાભાર્થીઓને **સાધન સુવિધા અર્પણ**નો કાર્યક્રમ યોજાયો. ઉદારદિલ દાતાઓના સહયોગથી, સંસ્થાના બધિર દિવ્યાંગોને ૭૦ લેપટોપ, ૩૦ ટેબલેટ, ૧૦૭ શ્રવણયંત્રો, ૩૭૫ નોટબૂક સ્ટેશનરી કીટ, ૨૪૦ યુનિફોર્મ - સેન્ડલ કીટ, ૬૨ કન્વેયન્સ એલાઉન્સ, કૃષ્ણલીલા કૃતિના ૧૬ કલાકારોને પુરસ્કાર, ૧૧ બ્યુટીપાર્લર કીટ, ૧ નેશનલ એથ્લિટને રોકડ પુરસ્કાર તથા ટ્રેક સૂટ, ૧૦૦ પિકચર તથા સ્પેલિંગ ડિક્ષનરી જેવી વિવિધ સાધન સુવિધા, ઉપસ્થિત માનવંતા મહેમાનોને હસ્તે અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી વિનુભાઈ મોદી, શ્રી મહેન્દ્રભાઈ મણિયાર, શ્રી ગિરીશભાઈ શાહ, શ્રી અનંતભાઈ કે. શાહ (બાબાભાઈ), શ્રી જીતુભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પંડયા સૌએ દીપ પ્રાગટય કર્યું. કાર્યક્રમમાં શ્રવણમંદ બાળકોની, **રાધાકૃષ્ણની સાંસ્કૃતિક અભિવ્યકિત** બાદ, સંસ્થાના મોટા બાળકો દ્વારા રાસની રજૂઆત થઈ. સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ મહેમાનોનું સ્વાગત કરેલ, તેમજ શાળાના બાળકો દ્વારા બનાવેલ હસ્તકલાના નમૂના દ્વારા, મોમેન્ટો આપી આવકારેલ.

આ પ્રસંગે ઈનરવ્હીલ કલબ ભાવનગરના પ્રેસિડન્ટ શ્રી ચેતનાબેન કોઠારી અને કલબના સભ્ય બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં અને **હસુમતી કોર્પસ ફંડ** અંતર્ગત, નાના બાળકોને શ્રવણયંત્રો અર્પણ કર્યા હતાં. આ પ્રસંગે શ્રી વિનુભાઈ મોદીએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરેલ. કાર્યક્રમની આભારવિધિ શ્રી મૃદુલાબેને કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સુંદર સંચાલન સંસ્થાના ઓ.એસ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરેલ.










# માધ્યમિક શાળા પ્રવેશોત્સવ

તા. ૧૩/૭/૧૭ ના રોજ માધ્યમિક શાળાનો પ્રવેશોત્સવ, શાળાના મહાવીર ઓડિટોરીયમમાં યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પ્રજાપતિ સાહેબ, એજયુકેશન ઈન્સ્પેકટરશ્રી પાંડે સાહેબ, આસિસ્ટન્ટ એજયુકેશન ઈન્સ્પેકટર શ્રી સેંતા સાહેબ હાજર રહયાં હતાં. શાળાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી મફતભાઈ તથા અન્ય મહેમાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં બધિર બાળકોએ અભિનય તથા સાઈન લેંગ્વેજ દ્વારા, રાષ્ટ્રગાન કરીને મહેમાનોને મંત્રમુગ્ધ કરી દીધાં હતાં. શ્રી પાંડે સાહેબ તથા શ્રી પ્રજાપતિ સાહેબે લાગણીસભર પ્રતિભાવો આપીને, શાળાના કાર્યને બિરદાવ્યું હતું. દરેક નવા વિદ્યાર્થીને એક ફૂલ સ્કેપ ચોપડો તથા ચાર પેનનો સેટ આપવામાં આવ્યો હતો.

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ◆ Monthly
Date of Publication : 15 August - 2017 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com